# પ્રબુધ્ધ નાગરિક શક્તિ મંચ

કાર્યાલય : ૬,૭ રંગોલી કોમ્પલેક્ષ, પહેલો માળ, વી.એસ.હોસ્પીટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન.૦૭૯ – ૨૬૫૭૮૮૦૦

તા. ૩૧-૧૨-૨૦૧૦

તંત્રીશ્રી,

સ્નેહી શ્રી,

આ સાથેનું મારું સ્ટેટમેન્ટ વર્તમાન સમય અને સંજોગોમાં લોકશાહીના હિતાર્થે જરૂરી જણાતા પ્રસિદ્ધિ અર્થે મોકલ્યું છે.

આપના અખબારમાં તેનો યોગ્ય ઉઠાવ તેને સારી રીતે લોકો સુધી પહોંચાડી શકશે.

યોગ્ય પ્રસિદ્ધની વિનંતી સાથે...

આપનો

(સુરેશ મહેતા)

પ્રતિ :

તિસ્તાસેતલવાડ

ગુજરાતમાં માનવીય અધિકારોનું જતન અન્ય રાજ્યો કરતાં વર્તમાન સમયમાં સવિશેષ જરૂરી છે. પોલીસો દ્વારા કરાતું માનવ અધિકારોનું હનન, પુરાવાઓનો નાશ, નવા પુરાવાઓ ઉભા કરવાની ખટપટ કિન્નાખોરી, ઈત્યાદિના બનાવો સામાન્ય થઈ પડ્યા છે. પોલીસો રાજકીય ખટપટોના હાથા સ્વેચ્છાએ બની રહ્યા છે. પોતાના રાજકીય વડાઓને સાચવવા કાયદાની વિરૂદ્ધનું વર્તન પોલીસવાળાઓ કરી રહ્યા હોવાની છાપ ઉત્તરોત્તર વધુ પ્રબળ બનતી જાય છે. પોલીસોના આવા કૃત્યો સામે અવાજ ઉઠાવનારા અને માનવ અધિકારોના જતન માટે લડત ચલાવતા લોકોને વીણી વીણીને ખત્મ કરવા માટેના કારસો જાણે વ્યવસ્થિત પણે રચાઈ રહ્યા છે. તેમના મનોબળને તોડી પાડવા માટે કોઈ કસર ન છોડવાનો જાણે તેમને આદેશ મળી ગયો હોય તેવું જણાઈ રહ્યું છે. રાજ્યની પોલીસની રહી સહી આબરૂ પણ ધૂળધાણી થતી જાય છે. માનવીય અધિકારો માટે લડત ચલાવતા તિસ્તાસેતલવાડના Moral ને તોડવા માટેના થઈ રહેલા રાજકીય હીચકારા પ્રયાસો સત્તા અને પોલીસની સાજીસથી દેખીતા ખુલ્લા પડી જાય છે. ગુજરાત સરકારના અધિકારીઓ અને સત્તાવાળાઓ દ્વારા આચરાયેલ માનવ હત્યાઓ સામે અવાજ ઉઠાવનારને ખટપટો ઉભી કરીને જેલના સળિયા પાછળ ધકેલવાની દિશામાં કરાઈ રહેલી કાર્યવાહી નીંદનીય છે. પુરવાઓ ઉભા કરવા માટે છેવટની હદ સુધી જવા જેવી ઘૃણાસ્પદ ઘટનાઓ રાજ્યની રહીસહી આબરૂને ધૂળધાણી કરી રહી છે ત્યારે લોકશાહીના મુલ્યોના જતન માટે લડત ચલાવતી સંસ્થાઓ પ્રત્યે સહાનુભૂતિ અતિઆવશ્યક બની જાય છે.

ડરાવી ધમકાવી ખટપટો કરીને તિસ્તાસેતલવાડને રૂસાવવા માટેની રાજકીય ખટપટ હવે ખુલ્લી પડી ગઈ છે.

ડૉ. મુકુલ સિંહા, એડવોકેટ તીરમીઝી અને સાથીઓ જ્યારે માનવ અધિકારીઓ માટે લડત ચલાવી રાજ્યના કરતુતોને ખુલ્લા પાડી રહ્યા હોય. તિસ્તાસેતલવાડ જ્યારે રાજ્યને કાયદાકીય લડતોથી ઉઘાડા પાડતી હોય ત્યારે તેમની વિરૂદ્ધ રઘવાઈ થઈને રાજ્યની સત્તા ધમપછાડા કરતી હોય ત્યારે તેને રૂકજાવ કહેવાનો સમય પણ પાકી ગયો છે. ગુજરાતની ભૂમિ વાંઝણી નથી કે સત્તાના ગમેતેવા કાયદા વિરૂદ્ધના હીન પ્રયાસોને ચલાવી લ્યે. પોલીસના ગેરકાયદેસરના પગલાને ન્યાયીક પ્રક્રિયાથી ખુલ્લા પાડી ગુન્હાઓ ઉઘાડા પાડે, પોલીસ જે સત્યને બહાર ન લાવી શકે કે તેનો હેતુપૂર્વક ઢાંકપીછોડો કરે ત્યારે તેવા પુરાવાઓને કાયદેસર રીતે બહાર લાવી સરકારના કરતુતોને ખુલ્લા પાડે ત્યારે ''ચોર કોટવાળને દંડે'' તેવી નીતિ અપનાવવાથી સાચી લડત કરનારનું કે તેને પ્રોત્સાહીત કરતી સંસ્થાઓનું મનોબળ તુટવાનું નથી. તે સરકાર સમજી લે, અને ઊંટની પીઠ પરંતુ છેલ્લુ તણખલું તેનું આ કૃત્ય ન બને તેવી સજાગતા કેળવે - તોપણ ઘનીમત રહેશે.

બાકી આવા હીણપત ભર્યા કૃત્યોથી કોઈનું પ્રતિબદ્ધ મનોબળ તુટતું નથી. પણ સરકાર સત્યની સામે પડવાથી ખસીયાણી થઈને રહેશે તેથી તેમને હવે તો 'રૂકજાવ' કહેવાનું જરૂરી જણાઈ રહ્યું છે.

- સુરેશ મહેતા